અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે વિભાગીય નાયબ નિયામક, વર્ગ-૧ની ૦૪(ચાર) જગ્યાઓનું મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૧/૧૩૮૧૧૨/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૯/૦૮/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૦/૦૩/૨૦૨૧ની સિંગલ ફાઈલ સિસ્ટમનો પત્ર

પ્રસ્તાવના:-

નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી દ્વારા ગરીબો, વૃધ્ધો, દિવ્યાંગો, બાળકો અને ટ્રાન્સજેન્ડરોને લગતા કાયદાઓનું અમલીકરણ કરવામાં આવે છે. સમાજના નબળા, કચડાયેલા, દિવ્યાંગો, વૃધ્ધો, નિરાધાર બાળકો અને ટ્રાન્સજેન્ડરો જેવા લોકો માટે સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ થાય છે. આ યોજનાના અમલીકરણ માટે હાલ સમાજ સુરક્ષા પાસે મર્યાદિત જગ્યાઓ મંજુર થયેલી હોઈ અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે વિભાગીય નાયબ નિયામક, વર્ગ-૧ની ૦૪(ચાર) જગ્યાઓનું મહેકમ મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કે જ્યાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની વિશેષ કામગીરી રહે છે, તેવા જિલ્લામાં વિભાગીય નાયબ નિયામકની વર્ગ-૧ની કુલ-૦૪ જગ્યાઓનું મહેકમ નીચે મુજબ તબદીલ કરવામાં આવે છે તથા તેનુ કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કાર્યક્ષેત્ર |
|---|---|---|
| ૧ | વિભાગીય નાયબ નિયામક, અમદાવાદ | અમદાવાદ, સમગ્ર ઉત્તર ગુજરાત |
| ૨ | વિભાગીય નાયબ નિયામક, વડોદરા | વડોદરા અને મધ્ય ગુજરાત |
| ૩ | વિભાગીય નાયબ નિયામક, સુરત | સુરત અને દક્ષિણ ગુજરાત |
| ૪ | વિભાગીય નાયબ નિયામક, રાજકોટ | રાજકોટ, સૌરાષ્ટ્ર અને કચ્છ |

- નિયામકશ્રી, સમાજ સુરક્ષાના તાબા હેઠળની મંજુર થયેલ જગ્યાઓ પૈકી ૦૨ જગ્યાઓ વિભાગીય નાયબ નિયામકની જગ્યા તરીકે તબદીલ કરવામાં આવે છે.

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તાબા હેઠળની મંજુર થયેલ ખાલી જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા વિભાગીય નાયબ નિયામકની જગ્યા તરીકે તબદીલ કરવામાં આવે છે.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તાબા હેઠળની મંજુર થયેલ ખાલી જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા વિભાગીય નાયબ નિયામકની જગ્યા તરીકે તબદીલ કરવામાં આવે છે.
- ઉક્ત વ્યવસ્થા ધ્યાને લઇને, નિયામકશ્રી, સમાજ સુરક્ષા, વિકસતી જાતિ કલ્યાણ અને અનુસૂચિત જાતિ કલ્યાણનું નાયબ નિયામકનું કેડર સ્ટ્રેન્થ રીવાઇઝ કરવાની કામગીરી સબંધિત પ્રભાગે કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મુખ્યમંત્રીશ્રી તથા માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કરિશ્મા પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય,ગાંધીનગર.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઇલ